HARIRAJ CHARITABLE TRUST

# વાર્ષિક અહેવાલ

## ૨૦૨૩-૨૦૨૪







*WE ARE WORKING TOWARDS EDUCATING THE COMMUNITY ABOUT ENVIRONMENT, GENDER EQUALITY AND HEALTH.*

Contact Us
+91-6356352828

Our Email
info@hariraj.org

Visit Our Website
www.hariraj.org







જીવામૃત





# સંસ્થાપકનો સંદેશ




આદરણીય મિત્રો, ભાગીદારો અને શુભેચ્છકો,

હર્રિરાજ ચેરીટેબલ ટ્રસ્ટના બોડ ઓફ ટ્રસ્ટી વતી, વર્ષ ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ રજૂ કરવો મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. જેમ જેમ આપણે પાછલા વર્ષ ને ધ્યાને લઈએ છીએ તેમ, આ સંસ્થાએ જે અદ્ભુત પ્રવાસ કર્યો છે તેની યાદ આવે છે, જે સમુદાયોની સાથે રહીને કામ કરીએ છીએ તેમની જરૂરિયાતોને ધ્યાને રાખીને શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને લિંગ સમાનતાના ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યા છીએ. સંસ્થા જે કાર્ય કરી રહી છે તે અમારા સ્વયંસેવકો, દાતાઓ અને ભાગીદારોના સમર્થન અને સમર્પણ વિના શક્ય ન હોત. આ તેઓની અતૂટ પ્રતિબદ્ધતા છે જે અમને સારા કાર્યક્રમો વિકસાવવા સહયોગ પૂરો પાડે છે. આ વર્ષે, ઘણા પડકારો હોવા છતાં, અમે વિવિધ પહેલો દ્વારા સમુદાયોને સશક્તિકરણ કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં જેન્ડર, શિક્ષણ, કૃષિ ટકાઉપણું અને આબોહવા જેવા મુદ્દાઓ ઉપર અમારું ધ્યાન કેન્દ્રિત છે. બાળકો અને ખેડૂતોને સશક્ત કરવાના હેતુથી અમારા કાર્યક્રમો દ્વારા સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા, બાળકોને શૈક્ષણિક સહાય આપવા અને લિંગ સમાનતા માટે હાથ ધરવામાં આવેલા પ્રયાસો માટે અમને ગર્વ છે. અમરેલી અને વડોદરા જિલ્લાઓમાં સમુદાયો સાથે અમે જે વિશ્વાસ બાંધ્યો છે તેના કારણે સંસ્થાને તેમની સ્થિતિસ્થાપકતા વધારવામાં મદદ મળી છે, આ બધા ક્ષેત્રોમાં જેમ જેમ અમે આગળ જઈ રહ્યા છીએ, તેમ અમને વિશ્વાસ છે કે આપના સતત સમર્થનથી અમે અમારા કાર્યક્રમોને વધુ વિસ્તારી શકીશું, વધુ જીવનને સ્પર્શી શકીશું અને વધુ અસર ઊભી કરી શકીશું. શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રે સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનું અમારું મિશન મજબૂત છે અને અમે સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે આ પ્રવાસનો ભાગ બનેલા દરેક વ્યક્તિનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ, અને અમને સાથ આપવા માટે આવકારીએ છીએ. કારણ કે આપણે સૌ સાથે મળીને વધુ મોટી સિદ્ધિઓ હાંસલ કરી શકીએ.

**આભાર સાથે,**
**સુરેશ ગોહિલ**
ટ્રસ્ટી મંડળવતી

# સંસ્થા વિશે

આ સંસ્થાની શરૂઆત ૧૯૯૩માં સામાજિક કાર્યકરો શ્રી નયન ગાંધી, શ્રી પુષ્પા પટેલ, શ્રી સુરેશ ગોહિલ અને શ્રી ધીરજ વાગડીયાના સંયુક્ત પ્રયાસોથી થઇ. શરૂઆતમાં એમ નક્કી કરવામાં આવ્યું કે સંસ્થાના સ્થાપકોના વિચારો અને વિઝન પ્રમાણે અમરેલી જીલ્લાની શિક્ષણ અને આરોગ્યની સેવાઓના સુધારા માટે કામ કરવું. તે પ્રમાણે સંસ્થાએ પ્રાથમિક શિક્ષણ અને પ્રજનન તેમજ બાળ આરોગ્ય કાર્યક્રમથી શરૂઆત કરેલ. સ્થાપનાના સાત વર્ષ બાદ મહિલાઓ માટે આજીવિકાના કાર્યક્રમને જોડવાની ચર્ચા થઇ અને મહિલાઓમાટે વ્યવસાયિક તાલીમોની શરૂઆત કરી. સંસ્થાએ અગરિયાઓ કે જેઓ સમુદ્રની આસપાસના વિસ્તારમાં રહે છેતેમના માટે આવાસો બાંધવાનું, ઐતિહાસિક સ્મારકોના પુનરોત્થાનનું તેમજ શૈક્ષણિક સંશોધનોની કામગીરીને પણજોડવામાં આવી. હવે બહોળા અનુભવથી સંસ્થાએ કુદરતી સંસાધન વ્યવસ્થાપન, સ્વ સહાય જૂથોની અને કૌશલ્ય વિકાસ તાલીમોની પ્રવૃત્તિઓ શરૂ કરી. સંસ્થાની ટીમ ગ્રામ સંજીવની સમિતિઓની ક્ષમતા વર્ધન પ્રવૃતિમાં ખાંભા, ધારી અને અમરેલી તાલુકામાં જોડાઈ. જાફરાબાદ તાલુકાના ખેડૂતોને પ્રોત્સાહિત કરી ખેડૂતોએ પોતાની કંપની બનાવી. અમે આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિરણ, સ્વ સહાય જૂથો, કૃષિ અને પર્યાવરણને લગતી સમસ્યાઓ માટે કામ કરી રહ્યા છીએ. ખાસ કરીને અમારૂ ધ્યાન એ બાબતો પર કેન્દ્રિત છે કે જેનાથી અસંગઠિત ક્ષેત્ર, મહિલાઓ, બાળકો અને આર્થિક રીતે પછાત સમુદાયના યુવાનોને શિક્ષણ, આરોગ્ય અને વ્યવસાયની સમાન તકો મળે. સંસ્થા તાલીમ કાર્યક્રમોનું આયોજન કરી સમુદાયને વ્યકિતગત વ્યવસાયો વિકસાવવા પ્રોત્સાહિત કરે છે. અમે કુદરતી સંસાધન વ્યવસ્થાપન અને કૃષિને લગતી પ્રવૃત્તિ સાથે જોડાયેલ છીએ. સંસ્થાની મુખ્ય તાકાતએ તેની અનુભવી ટીમ છે જેથી પાયાના સ્તર સુધી અમારા કામોનો અમલ કરી શકયા છીએ.






# કાર્યક્રમો

## આરોગ્ય અંગે જાગૃતતા

ગ્રામીણ વિસ્તારોમાં સમુદાયમાં આરોગ્ય વિશે જાગૃતિ લાવવા માટે સંસ્થા સહયોગી પ્રયાસો કરે છે જેમાં શિક્ષણ, જોડાણ અને સમુદાયના સભ્યોની સક્રિય ભાગીદારી સામેલ હોય છે. સંસ્થા જાણે છે કે સ્થાનિક વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમજ હાલ સમુદાયની જે સાંસ્કૃતિક પ્રથાઓ છે તેને સાથે રાખીને, આરોગ્ય અને જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.

## શિક્ષણ અને બાળ સંભાળ

### જેન્ડર એજ્યુકેશન
### છોકરાઓમાં જેન્ડર સમાનતા



સંસ્થા દ્વારા છેલ્લા ૪ વર્ષથી મહિલાઓ અને કિશોરીઓ સામેની હિંસા અને ભેદભાવને રોકવા માટે ૧૩ થી ૧૭ વર્ષના બાળકો/છોકરાઓને જોડી લિંગ સમાનતા શિક્ષણ કાર્યક્રમ અમરેલી અને ગીર સોમનાથ જીલ્લાના કુલ પાંચ તાલુકાઓમાં ચાલી રહ્યો છે.

સંસ્થાની સ્વયંસેવકોની ટીમ બાળકોને જેન્ડરનો મુદ્દો સમજાવવા, સમાજના હાલના લિંગ ધોરણોને પડકારવા માટે જ્ઞાન, કૌશલ્ય, નેતૃત્વ જેવા મુદ્દાઓ માટે માર્ગદર્શન તાલીમ આપી કાર્ય કરી રહી છે. આ કાર્યક્રમના ૧૫ મોડ્યુલ દ્વારા ફાઉન્ડેશન કાર્યક્રમ અને એક્શન ફોર ઈક્વાલીટી કોર્સ એમ બે કોર્સના કુલ ૨ રાઉન્ડ યોજવામાં આવ્યા હતા.






## સ્ટાફ તાલીમ (કૌશલ્ય વિકાસ)




સંસ્થાની ટીમમાં જરૂરી કુશળતા બની રહે તે માટે સંસ્થા વારંવાર અઠવાડિક બેઠકોમાં કાર્યકરોની જરૂરિયાતોને જાણીને તે વિષયોને લગતી તાલીમોનું આયોજન કરે છે. જેમાં મુખ્યત્વે આરોગ્ય સંભાળ, વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ, જેન્ડર સંવેદનશીલતા, શિક્ષણમાં નાવીન્યતા તેમજ સાંપ્રત પ્રવાહો અને સંસ્થાઓ માટેની કાનૂની જોગવાઈઓ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો.

## વાંચન સત્ર


સંસ્થાએ ૧૯મી નવેમ્બર, ૨૦૨૩થી જીવવું, શીખવું, અને પ્રેમ કરવો ઉપર ઓનલાઈન વાંચન સત્ર શરૂ કર્યું.

દર શુક્રવારે ટીમના સભ્યો આ સત્રમાં જોડાય છે જેમાં સ્ટીફન કોવેના પુસ્તક “સેવન હેબિટ્સ” પર આધારિત અને સંજીવ શાહ દ્વારા ગુજરાતીમાં અનુવાદિત (સારેગમપધની) પુસ્તક પર ચર્ચા થાય છે. અહીં ટીમ તેમની જીવન સમસ્યા, આદતો અને અનુભવ વગેરેનું આદાન પ્રદાન કર્યું. કુલ ૪૯ સત્રો પૂર્ણ થયા.



## લેખન સત્ર

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૮મી માર્ચ, ૨૦૨૩થી ઓનલાઈન લેખન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં SSKK અને હરિરાજમાં ચાલતા દરેક પ્રોજેક્ટમાંથી એક વ્યક્તિ લેખન કૌશલ્ય વિકસાવવા અહેવાલો, તેમના કાર્યો, તાલીમ, સફળવાર્તાઓ, કેસ સ્ટડીઝ, વગેરે રજુ કર્યા હતા. વર્ષ દરમિયાન કુલ ૧૯૧ સફળવાર્તાઓ, કેસ સ્ટડીઝ, લેખો, અહેવાલો વગેરે રજૂ કરવામાં આવ્યા હતા અને સામૂહિક શિક્ષણ દ્વારા સભ્યો તેમની ભૂલ, વાક્યનું માળખું વગેરે સુધારીને તેમનું લેખન કૌશલ્ય વિકસાવ્યું હતું.



## શિક્ષણ સહાયતા કેન્દ્રો

કોરોનાકાળમાં હરીરાજના માધ્યમથી શિક્ષણ સહાયતા કેન્દ્રો(CLA) અસ્તિત્વમાં આવ્યા. આ શિક્ષણ સહાયતા કેન્દ્રોમાં ભાષા અને પાયાના ગણિતપર વધુ ભાર મુકવામાં આવ્યો છે.

લેખન, વાંચન, ઉચ્ચારણની નબળાઈઓ દુર કરવા અને સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને મૌલિકતા વધારવા અમે પ્રયાસો કર્યા. શિક્ષણ સહાયતા કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય માતા પિતા તેમના બાળકોના શિક્ષણ પ્રત્યે સંવેદનશીલ બને અને બાળકો રસ અને ગમ્મત સાથે મુક્ત વાતાવરણમાં શીખી શકે તેઓ છે. વાલીઓને પણ શીખવાની પ્રક્રિયામાં સામેલ કરવામાં આવ્યા. આ વર્ષે ૬ સ્વયંસેવકો/લર્નિંગ આસિસ્ટન્ટ/મેન્ટરની મદદથી ૧૮૦ બાળકો સુધી પહોચી શક્યા.

કેન્દ્ર-૬
ગ્રામ વિસ્તાર-૫
CLA
કુલ બાળકો (૧૮૦)
LA-૬

**Centre for Learning Assistance (Average marks of Baseline, Midline and End line)**

| Name of Learning Assistant | Name of Centre | Students | Baseline | | Midline | | End line | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | Guj. | Maths | Guj. | Maths | Guj. | Maths |
| Pallavi Gadhadara | Bherai | 30 | 3.26 | 24.93 | 35 | 57.84 | 75.5 | 87.3 |
| Rekahben Vagh | Kovaya | 30 | 64.7 | 73.06 | 69.4 | 77.71 | 94.4 | 96.07 |
| Chakuben Sankhat | Bhankodar-1 | 30 | 13.7 | 27.13 | 69.4 | 77.71 | 94.4 | 96.07 |
| Sumitraben Kavad | Bhankodar-2 | 30 | 18.8 | 29.46 | 42.4 | 57.03 | 68.2 | 75.55 |
| Nirupa Sukhadiya | Jikiyali | 30 | 33.6 | 35.66 | 66.9 | 70.93 | 83 | 89.55 |
| Nensi Gangadiya | Mota Machiyala | 30 | 32.1 | 25 | 66.5 | 70.22 | 32.1 | 88.59 |







# કુદરતી સંશાધનોની જાળવણી

## ખેતી અને જૈવ વિવિધતા

સંસ્થા ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતી તરફ જાગૃત કરવા પ્રયાસો કરી રહી છે. અમે અમારી ટીમને તાલીમ આપી અને તેમના દ્વારા ખેડૂતો સાથે સંવાદો કરી ઈકોલોજીકલ સંતુલન, જૈવવિવિધતાનું સંરક્ષણ, માટી અને પાણીની ગુણવત્તા જાળવવી કે વધારવી, વેટલેન્ડ્સ, વન્યજીવનનું રક્ષણ કરવું અને ખેતીમાં જોખમી પ્રક્રિયાઓ અને ઉત્પાદનોને ટાળવા બાબત જાગૃતિ ફેલાવી. અમારી ટીમ દ્વારા ખાંભા, બાબરા, ડભોઈ, શિનોર, કરજણ અને વડોદરા વિસ્તારના ખેડૂતોને પ્રાકૃતિક અને સજીવ ખેતી અંગે માર્ગદર્શન આપવાનો એક પ્રયાસ થયો.



## ખેડૂત ઉત્પાદક સંગઠન

ખેડૂત ઉત્પાદક સંગઠન (જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લિ.) જાફરાબાદ,ઉના અને ગીર ગઢડા તાલુકાઓમાં વર્ષ ૨૦૧૬થી કાર્યરત છે.

| Particular | Jafrabad Agriculture Producer Co. Ltd |
|---|---|
| Registration detail | Registered under companies Act, 1956 |
| Registration No. | U01132GJ2016PTC085768 |
| Registered office Address | Chalala road, Opp. Kumarshala, Khambha – 365650, Gujarat – India |
| Share holder | 1014 |
| Loans & Revolving Fund | 534700 |
| Training & Exposure | • Lead Farmer's FPO Management Training was organized on 30/09/2023 at Patel Samaj Vadi, Timbi.<br>• Participation in a training on 15th to 16th December, 2023 for the Board of Directors and CEO on FPO management, legal compliances of company and business development plan organized by SSKK.<br>• An organic project was started with collaboration of Snehakuunj Trust (IFHD). In this project a meeting was held in the village of FPO and a farmer workshop was organised in Hemal and Mota Mansa village with 250 farmers. Organic input training was given to 80 farmers. |
| Procurement & Selling activities carried out | Started the CSC with jointly support of INGJ45 and Jaapco. they are providing platform and facility for government schemes and it's procedures, services like IKhedut portal and keycap services. |

## REEL (Responsible Environment & Enhanced Livelihood) Cotton farmers training project

છેલ્લા ત્રણ વર્ષથી સંસ્થા વડોદરા જીલ્લાના ડભોઇ, શિનોર, કરજણ અને વડોદરા તાલુકાના ૨૦ ગામોમાં કોટન કનેકટના સહયોગથી ૧૪૧૦ ખેડૂતોની આજીવિકા અને આવકમાં સુધારો કરવા કામ કરી રહી છે. આ વર્ષે સંસ્થાએ સમાન ઉદ્દેશ્યો સાથે આ કામને બીજા નવા વિસ્તારોમાં ૩૦૦ ખેડૂતો સાથે વિસ્તરણ કર્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોની ખેતીની આવક અને આજીવિકા સુધારવા માટે ક્ષમતાવર્ધન દરમિયાનગીરીઓ અમલમાં મૂકવાનો છે.



## કાર્યક્રમની વિગત

| Particular | Mark's | PVH |
|---|---|---|
| PU operational district | 1 | 1 |
| PU operational blocks | 1 | 1 |
| Total number of Villages covered | 4 | 16 |
| Total number of Farmers | 306 | 1104 |
| Total number Male farmers | 306 | 1104 |
| Total number Female famers | 0 | 0 |
| Total number of irrigated farmers | 306 | 1104 |
| Total number of rained farmers | 0 | 0 |
| Total number of learning Groups in the producer unit | 7 | 24 |
| Total number acreage under better cotton production | 3279.9 | 8143.2 |
| Total Irrigate area | 3279.9 | 20268.24 |
| Total rained area | 0 | 0 |
| Total estimated production (Seed Cotton In KG) | 3771885 | 9726930.32 |
| Average land holding in acre | 10.72 | 7.37 |
| Average Cotton Yield (Kg / Acre) | 1150 | 1194.66 |
| Nearest ginning unit distance (km) | 8 to 10 | 10 to 15 |

## થયેલ પ્રવૃતિઓ

- **તાલીમકારોની તાલીમ (ToT)**

સ્થાનિક પાર્ટનરની પ્રોજેક્ટ ટીમના ક્ષમતા નિર્માણના હેતુ માટે કોટન કનેક્ટે પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન વ્યાખ્યાન, જૂથ ચર્ચા અને પીપીટી દ્વારા વિવિધ તાલીમો હાથ ધરી.

- **ખેડૂતોની તાલીમ**

વાવણી પહેલાની પ્રવૃત્તિઓ, સંકલિત પાક વ્યવસ્થાપન, સુરક્ષિત લણણી, સંકલિત જંતુ વ્યવસ્થાપન, સંકલિત પોષક વ્યવસ્થાપન, સંકલિત કચરા વ્યવસ્થાપન અને કોઈ પણ ભેળસેળ વગર કપાસની વીણી, ખાતર વગેરે બાબતે તાલીમો કરવામાં આવી.

- **ખેડૂત જૂથની બેઠક**

પ્રોજેક્ટ વિસ્તારોમનાં ગામોમાં ખેડૂતો સાથે નાના જૂથમાં મીટિંગ યોજવામાં આવી. જેમાં તેઓને સંકલિત પાક વ્યવસ્થાપનની તકનીકો વિશે માહિતી આપવામાં આવી. સાથે સાથે ખેડૂતોને પડતી મુશ્કેલીઓના શક્ય ઉકેલો પણ પુરા પાડવામાં આવ્યા.

- **જાગૃતિ અભિયાન**

પ્રોજેક્ટ ગામોમાં મોબાઈલ વાન ઝુંબેશની પ્રવૃત્તિ પૂર્ણ કરી અને ઓડિયો, વ્યાખ્યાન, ચર્ચા અને IEC સામગ્રીનું વિતરણ કરીને ટકાઉ કૃષિ વ્યવહારો અને સુરક્ષિત લણણી અંગે ખેડૂતો, મહિલાઓ, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં જાગૃતિ ફેલાવી.

- **નિદર્શન (ડેમો) વિતરણ અને ડેમો/ફીલ્ડ પ્લોટની મુલાકાત**

સંકલિત પાક વ્યવસ્થાપન તકનીકો અને ઉન્નત તકનીકો પર ખેડૂતોની સરળ સમજ માટે; ખેડૂતોને આપવામાં આવેલ IPM અને INM ટેકનોલોજીનું પ્રદર્શન. સતત દેખરેખ રાખવા અને અન્ય ખેડૂતોની મુલાકાત ગોઠવવા માટે આગળનું આયોજન કરવામાં આવશે.

- **પ્રેરણા પ્રવાસ**

તા.૧૧ થી ૧૩ જાન્યુઆરી, ૨૦૨૪ના ત્રણ દિવસીય પ્રેરણા પ્રવાસ આયોજન થયું જેમાં કેવીકે-જુનાગઢના કપાસ અને અન્ય પાક ઉગાડવા, સૌરાષ્ટ્ર વિસ્તારની ખેતીની પદ્ધતિઓ જોવા, ધોકડવા તાલુકાના ખેડૂત મુલાકાત, રાંઢિયા ખાતે પુનઃઉત્પાદન થઇ શકે તેવી કૃષિ પદ્ધતિઓનું નિદર્શન, તેમજ સંસ્થાની મુખ્ય અમરેલી ઓફિસની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

- **બાળ મજૂર સર્વેક્ષણ અને બાળ પ્રવૃત્તિઓ**
- **ડ્રિપ ઈન્સ્ટોલેશન**
- **બાયો ઈનપુટ સેન્ટર**

## ક્લાઈમેટ ચેન્જ ફ્યુચર લીડર સ્પર્ધા

સંસ્થાએ મંડાળા (મંડાળા હાઈસ્કૂલ) ખાતે કોટન કનેક્ટ ફાર્મર કોમ્યુનિટી ફાઉન્ડેશન સાથે રહી જાન્યુઆરી મહિનામાં ક્લાઈમેટ ચેન્જ ફ્યુચર લીડર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. ૧૩ વિદ્યાર્થીઓએ નિબંધ અને વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. બધા સહભાગીઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.




## મહિલા આબોહવા પરિવર્તન કાર્યક્રમ

આપણે બધા જાણીએ છીએ કે કપાસની ખેતીમાં મહિલાઓ મુખ્ય ભૂમિકા ભજવે છે. 'વુમન ક્લાઈમેટ ચેન્જ લીડર્સ' નામની આ પાયલોટ પહેલ દ્વારા, અમે આબોહવા પરિવર્તનના વિષય પર મહિલા ખેડૂતોને ચેન્જ લીડર બનાવવાનો પ્રયાસ કરીએ છીએ. આપણે બધા જાણીએ છીએ કે વૈશ્વિક સ્તરે આબોહવા પરિવર્તન કેટલું ગંભીર બની ગયું છે. વિશ્વ પર આબોહવા પરિવર્તન અને આબોહવા પર માનવ પ્રવૃત્તિઓની અસર એકબીજા સાથે જોડાયેલી છે. તાલીમ દ્વારા ચેન્જ લીડર તૈયાર કરવાનું અમારું આયોજન છે જે પછીથી કપાસની ખેતી કરતા વ્યાપક સમુદાય સુધી પહોંચવા માટે આ પહેલને આગળ વધારશેઅને આબોહવા પરિવર્તન સામે ટકવામાં અને તેની અસરો માટે તૈયાર કરવામાં મદદ કરશે.

**ઉદ્દેશ્ય:** આબોહવા-સ્માર્ટ કૃષિ પદ્ધતિઓ પર કૃષિ સમુદાયોનું ક્ષમતાવર્ધન જે મહિલા સશક્તિકરણ અને આબોહવા પરિવર્તન સાથે અનુકૂલન કરવામાં તેમજ આબોહવા-સ્થિતિસ્થાપક કપાસની ખેતી કરતા સમુદાયોનું નિર્માણ કરવા મદદ કરશે.

**પ્રોજેક્ટ વિસ્તાર:** મંડાળા, કરમાળ અને પારીખા

**લાભાર્થીઓ:** 30 પરિવર્તન પ્રેરક મહિલાલીડર

**૯00 મહિલા**

**પ્રવૃત્તિઓ:**

- 30 મહિલાઓની ચેન્જ લીડર તરીકે પસંદગી કરવામાં આવી જેમની હેઠળ અન્ય ૯00 મહિલાઓ ક્લાઈમેટ ચેન્જ પ્રોગ્રામ માટે તાલીમ મેળવી.
- ચેન્જ લીડરના બેઝલાઈન અને મિડલાઈન ટેસ્ટ હાથ ધરવામાં આવ્યા.
- ચેન્જ લીડર માટે ત્રણ તાલીમોની ગોઠવણ
- દરેક ચેન્જ લીડરે તેમના જૂથની મહિલાઓ માટે ત્રણ તાલીમોનું આયોજન કર્યું.
- દરેક ચેન્જ લીડરે તેમના જૂથમાં સમીક્ષા અને માહિતી લેવા માટે ત્રિમાસિક બેઠકો યોજી.
- પ્રેરણા પ્રવાસ
- પર્યાવરણ અને આબોહવા પરિવર્તનના વિવિધ પરિબળો પર આબોહવા પરિવર્તન અને ક્ષમતા નિર્માણને વધુ સારી રીતે સમજવા માટે અમોએ સીઈઈ – થલતેજ, અમદાવાદ ખાતે 30 ચેન્જ લીડર્સનો પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.
- ફળાઉ ઝાડના ૩૯૫ રોપાઓનું વિતરણ અને ઉછેર.

# સફળ વાર્તા



**વિનુભાઇ ભાઇલાલભાઇ પટેલ**
ગામ: મંડાળા,તાલુકો: ડભોઈ,
જીલ્લો: વડોદરા
ખેડૂત કોડ નં. INGJVADAM12021-07

| | |
|---|---|
| રીલ કોટન અંતર્ગત કુલ જમીન (એકર) | ૧૨ |
| REEL કોટન પ્રોગ્રામ હેઠળ હસ્તક્ષેપ (પ્રોજેક્ટ પ્રવૃત્તિઓ). | • સંકલિત પાક વ્યવસ્થાપન પર ખેડૂત તાલીમ જેમાં સંકલિત પોષક વ્યવસ્થાપન (INM), જળ વ્યવસ્થાપન, જંતુ વ્યવસ્થાપન (IPM), અને અન્ય ટકાઉ કપાસની પદ્ધતિઓ તેમજ સુરક્ષિત લણણી આવરી લેવામાં આવી હતી.<br>• IPM અને INM પર પ્રદર્શન<br>• યોગ્ય કાર્ય, આરોગ્ય અને સલામતી અને REEL પ્રોગ્રામેટિક પાસાઓ પર તાલીમ.<br>• ડેમો/ક્ષેત્રની મુલાકાત દરમિયાન ખેડૂત સાથે વાર્તાલાપ. |

## રીલ કોટન પ્રોગ્રામ હેઠળ હસ્તક્ષેપ પહેલા :

- ખેડૂત પાકની જરૂરિયાતને સમજ્યા વિના વધુ પડતા રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરી રહ્યા હતા.
- વધુ પડતા રાસાયણિક ખાતરોના ઉપયોગથી, ખેડૂતની જમીન બગડી અને તેની ફળદ્રુપતા ઘટી, જમીનમાં ઉપયોગી સુક્ષ્મજીવો ઘટ્યા અને જમીનની ખારાશ અને કઠિનતા વધી.
- રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગને કારણે ઈનપુટ ખર્ચ વધુ હતો.
  - અંદાજિત ૨૨00 રૂ/-પ્રતિ એકર રાસાયણિક ખાતરનો વપરાશ હતો.
  - ૧૨ એકર જમીનમાં અંદાજિત રૂ/-૨૬૪00/- ના રાસાયણિક ખાતર વપરાતો.
- ખેડૂત તેમના ખેતરમાં મોનોક્રોટોફોસ જેવા અત્યંત ઝેરી રાસાયણિક જંતુનાશકનો ઉપયોગ કોકટેલ છંટકાવ સાથે જંતુના નિયંત્રણ માટે કરતા હતા જે કપાસની ગુણવત્તાને બગાડે છે તેમજ માનવ અને પર્યાવરણ માટે હાનિકારક છે.
- જમીન બગડવાની સાથે કપાસનું ઉત્પાદન પણ ઘટી રહ્યું છે.
  - અગાઉ પ્રતિ એકર ઉપજ ૧૦૫૦ કી.ગ્રા. હતી.

## ખેડૂતે રીલ કોટન પ્રોગ્રામ હેઠળ ટકાઉ કૃષિ પ્રેક્ટિસ અને સૂક્ષ્મ પોષક તત્વોના પ્રદર્શનની તાલીમ મેળવ્યા પછી:

- ખેડૂતને સંકલિત પોષક વ્યવસ્થાપન (INM) અને તેના મહત્વની સમજણ મળી
- કોટનકનેક્ટ દ્વારા INM પર જરૂરી તાલીમ અને નિદર્શન માટે સૂક્ષ્મ પોષક કીટ તેમજ બાયો ફર્ટિલાઇઝર આપવામાં આવ્યું. હવે ખેડૂત FYM, જૈવિક ખાતર, સૂક્ષ્મ પોષકતત્ત્વોનો ઉપયોગ રાસાયણિક ખાતરોના યોગ્ય જથ્થા સાથે ખાતરના ઇનપુટ ખર્ચમાં બચત કરીને કરી રહ્યા છે (ખેડૂતએ પ્રતિ એકર દીઠ રૂ/-૩૫૦ અને ૧૨ એકરમાં કુલ બચત રૂ/-૪૨૦૦ થઇ)
- એકર દીઠ ખાતરની અંદાજિત કિંમત રૂ/-૨૨૦૦ થી ઘટીને રૂ/-૧૮૫૦ થઇ (ખાતરના ખર્ચમાં ૧૫.૯૦ % બચત)
- એવી અપેક્ષા રાખવામાં આવે છે કે FYM, જૈવિક ખાતર અને સૂક્ષ્મ પોષક તત્વોનો ઉપયોગ કર્યા પછી ખેડૂતોની જમીનમાં ઉપયોગી સૂક્ષ્મજીવોમાં ધીમે ધીમે વધારો થશે અને તેના કારણે જમીનની ફળદ્રુપતા વધશે.
- ખેડૂત તેમના ખેતરમાં જીવાતોના નિયંત્રણ માટે ફેરોમોન ટ્રેપ અને યલો સ્ટિક ટ્રેપનો પણ ઉપયોગ કરી રહ્યા છે.
- હવે, ખેડૂત જીવાતને નિયંત્રણમાં લેવા માટે તેમના ખેતરમાં અત્યંત ઝેરી જંતુનાશક મોનોક્રોટોફોસ અને કોકટેલનો છંટકાવ કરતા નથી આથી પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય પરની હાનિકારક અસરો ઓછી થાય છે.

આ સિઝનમાં કપાસના પાકનું ઉત્પાદન ૧૦૫૦ થી ૧૨૫૦ કિગ્રા/એકર (૧૯.૦૪ % વધ્યુ) છે.

# Profile of Hariraj Charitable Trust

| | |
|---|---|
| **Legal Status** | Registered under section 2 the Bombay Public Trust Act (1950) at public trust registration office. |
| **Registration No.** | E/638/Amreli, 12/01/1993 |
| **Income tax Provisional Registration No. (Under Section 12 A)** | AAATH2720EE20211 Dated 30/05/2022 |
| **Income tax Exemption (Under Section 80G) Provisional Approval No.** | AAATH2720EF20214 dated 28/05/2021 |
| **FCRA Registration No.** | 041930023 on dated 27th March 2019<br>Renewed by MHA for next five years with effect from 27/03/2024 with Ref. No. 0300005522023 dt.29/12/2023 |
| **Permanent Account No.** | AAATH2720E |
| **NGO Darpan ID** | GJ/2010/0035342 Dated 30/08/2010 |
| **GuideStar No. (GSN)** | 992 |
| **Undertaking CSR activities Registration no.** | CSR00006687 Dated 25/05/2021 |
| **Registered Office Address** | 26-Omnagar (3), Behind GIDC, Hanumanpara Road, Amreli - 365 601 Tel : +91- 6356352828 |
| **Head Office Address** | As above |
| **Auditors** | M/S. A.B. Kothiya & Co., Chartered Accountant, Opp. Library, Amreli- 365601 |
| **Bankers** | **FC designated account**<br>SBI New Delhi Main Branch, Parliament street, New Delhi - 110001<br>**FC Another and utilization account**<br>UCO Bank, Tower road, Amreli– 365601<br>**Non FC Account**<br>ICICI Bank, Amreli<br>YES Bank, Ahmedabad |
| **Social media link** | **LinkedIn:** https://in.linkedin.com/company/hariraj<br>**Twitter:** https://twitter.com/hariraj_vo<br>**Facebook:**https://www.facebook.com/people/Hariraj/100064499539643/<br>**Instagram:** https://www.instagram.com/hct117/?hl=en<br>**Youtube:**https://www.youtube.com/channel/UCrEvk95N4eXSXkgW2I6vsiQ |

Trust Deed and audit report of the Trust are available in any time on demand.

# ક્રેડીબીલીટી એલાયન્સના ધોરણો

## સંસ્થાની ઓળખ

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના ૧૯૯૩માં નયન ગાંધી દ્વારા કરવામાં આવી હતી. હરિરાજ ચેરિટેબલ ટ્રસ્ટ એ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ (નોંધણી નંબર: E/638/અમરેલી) હેઠળ નોંધાયેલ ચેરિટેબલ ટ્રસ્ટ છે. સંસ્થાની ટ્રસ્ટ ડીડ અને ઓડિટ રિપોર્ટ કોઈપણ સમયે માંગવાથી ઉપલબ્ધ રહેશે.

**દ્રષ્ટિ:** શિક્ષણ, પર્યાવરણ અને આરોગ્ય સહિત આવક નિર્માણ વિશે જાગૃત સમુદાયનું નિર્માણ કરવું.

**મિશન:** પર્યાવરણની જાળવણી, આવક નિર્માણ અને કૃષિ વિકાસ સાથે સમાજમાં શિક્ષણ અને આરોગ્ય સંભાળ માટે કામ  કરવું.

**ઉદ્દેશ્યો:**

1. પછાત વર્ગના વિદ્યાર્થીઓને શૈક્ષણિક વિકાસ માટે મદદરૂપ થવું અને તાલીમ કાર્યક્રમ દ્વારા સાક્ષરતામાં વધારો કરવો.
2. વિવિધ આરોગ્ય કાર્યક્રમોનું આયોજન કરી લોકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા સાથે ગ્રામીણ વિસ્તારોમાં રોગોને નિયંત્રિત કરવાના પગલાં ભરવા.
3. ગ્રામીણ વિસ્તારોમાંથી અંધશ્રદ્ધા ટાળવા અને સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ ઉભી કરવાના પ્રયાસો કરવા.
4. આજીવિકાનો વિકલ્પ પ્રદાન કરીને પર્યાવરણને બચાવવું અને જાળવવું.
5. કૃષિ પદ્ધતિમાં નવીનતા દ્વારા ગ્રામીણ વિકાસ માટે કામ કરવું.
6. આપત્તિની તૈયારી માટે કામ કરવું અને આપત્તિ દરમિયાન રાહત કાર્ય કરવા.

## સંચાલન

ટ્રસ્ટનું સંચાલન દ્વિસ્તરીય સંચાલન પદ્ધતિથી ચાલી રહ્યું છે. ટ્રસ્ટ બોર્ડ ટ્રસ્ટ ના કાર્યક્રમો, વાર્ષિક અહેવાલ, વાર્ષિક બજેટ અને ઓડિટેડ નાણાકીય સ્ટેટમેન્ટને મંજુરી આપે છે અને પ્રવૃત્તિઓની બાબતોમાં મહત્વપૂર્ણ નિર્ણય લે છે તેમજ કારોબારી સમિતિમાં સભ્યોની નિમણૂક કરે છે. કારોબારી સમિતિ ટ્રસ્ટના સંચાલનની કામગીરી સંભાળે છે. ટ્રસ્ટી બોર્ડ અને કારોબારી સમિતિ મીટિંગ બંનેની મિનિટ્સનું દસ્તાવેજીકરણ કરવામાં આવે છે અને સભ્યોમાં ફેરવવામાં આવે છે. હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટની કારોબારી સમિતિ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૦મી જુલાઈ ૨૦૨૩, ૩૦મી નવેમ્બર, ૨૦૨૩ અને ૩૧ મી માર્ચ ૨૦૨૪ એમ કુલ ૩ વખત મળી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ટ્રસ્ટ બોર્ડ ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ અને ૩૧મી માર્ચ ૨૦૨૪ એમ ૨ વખત મળ્યું હતું.

## સ્ટાફ મીટીંગ

સ્ટાફના સભ્યોના વિચારો, અનુભવોના આદાનપ્રદાન તેમજ ટીમના સભ્યો વચ્ચે આત્મીયતા વધારવાના હેતુથી નિયમિત સ્ટાફ મીટીંગનું આયોજન કરવામાં આવે છે. આ બેઠકમાં પ્રોજેક્ટ પ્રમાણે કામની સમીક્ષા, મુશ્કેલીઓ, સૂચનાઓ, લક્ષ્યાંક, ભાવિ આયોજન વગેરેની ચર્ચા કરવામાં આવે છે. આંતરિક મૂલ્યાંકનની જવાબદારી ટીમના સભ્યોને આપવામાં આવે છે. જ્યારે નવા સભ્ય ટીમમાં જોડાય છે ત્યારે સંસ્થાના વિઝન, મિશન અને સંસ્થા શા માટે શરુ થઇ તેનો ટૂંકો પરિચય આપવામાં આવે છે. સંસ્થા અને સરકાર વચ્ચે જોડાણ, સહયોગ, સ્વૈચ્છિક પ્રવૃત્તિ શું છે, સંસ્થાની નોંધણી, નિયમો, ટ્રસ્ટીઓ, માળખું, આવક ખર્ચ વગેરે બાબતો જણાવવામાં આવે છે. જો કોઈ સભ્યોએ મહિના દરમિયાન કોઈપણ તાલીમ/મીટિંગમાં ભાગ લીધો હોય તો તેના પર ટૂંકી રજૂઆત કરવામાં આવે છે. જો હાજર સભ્યો પૈકી કોઈને એવું થાય કે આ બાબત સાવ નવી છે તો તેની વિગતવાર રજૂઆત કરવામાં આવે છે.

## અન્ય સમિતિઓની બેઠક

અસરકારક સંચાલન અને વહીવટી કાર્ય માટે સંસ્થાએ વિવિધ સમિતિઓની રચના કરી છે. જેની નિયમ મુજબ વર્ષ દરમિયાન બેઠકો યોજાઈ હતી.

## જવાબદારી અને પારદર્શિતા

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટે બોર્ડના કોઈપણ સભ્યોને વળતર, બેઠક ફી કે અન્ય કોઈપણ પ્રકારના મહેનતાણાનું ચૂકવણું કર્યું નથી. સંસ્થા બોર્ડના સભ્યોને મુસાફરી માટે કોઈ પ્રકારનું ચૂકવણું કરતી નથી.

## દાતાઓનું યોગદાન

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ જે પ્રકારના કામો કરી રહી છે તે માટે દાન પર વધુ આધાર રાખવો પડે છે. તેથી અમને ટેકો આપવામાં વ્યક્તિગત દાતાઓ ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. જીવનના તમામ ક્ષેત્રના લોકોએ કરેલ યોગદાનનું અમે મૂલ્યાંકન કર્યું છે. અમે આપ સૌને અમારી સાથે જોડાવા અને સમાજ માટે યોગદાન આપવા માટે વિનંતી કરીએ છીએ. અમારા આ પ્રયત્નો તમારા બધાની ભાગીદારી અને યોગદાન વિના સફળ થશે નહીં. સંસ્થાના આ પ્રવાસમાં સક્રિયપણે જોડાવા આપ સૌને અમે પ્રોત્સાહિત કરીએ છીએ.

## અન્ય ગ્રાન્ટ આપતી સંસ્થાઓ

અમે તે એજન્સીઓના પણ આભારી છીએ જે અમારા કાર્ય વિસ્તાર અને કામ પ્રત્યે ધ્યાન આપી અમને નાણાકીય સહયોગ પૂરો પાડે છે. અમે કોટન કનેક્ટ, નાબાર્ડ અને ઇકવલ કોમ્યુનીટી ફાઉન્ડેશન વગેરેના પણ આભારી છીએ.

## જોડાણ

કોટન કનેક્ટ, નાબાર્ડ, શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર, એમસીએકસ, અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપની લિ., ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ, જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લિમિટેડ, બારડોલી અને અમરેલીની ગ્રામ્ય સંસ્થાઓ.

## કાર્યક્ષેત્ર

હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટે ખાસ કરીને ગુજરાત રાજ્યમાં અમરેલી જિલ્લાના અમરેલી, બાબરા, ખાંભા અને જાફરાબાદ તેમજ વડોદરા જિલ્લાના ડભોઈ, કરજણ, વડોદરા અને સિનોર તાલુકાઓ પર ધ્યાન કેન્દ્રિત કરેલ છે. સંસ્થા ગુજરાત રાજ્યની અન્ય સંસ્થાઓ સાથે પણ જોડાયેલ છે.

## Staff Remuneration in Rupees

| Staff salary | Male | Female | Total |
|---|---|---|---|
| Till 5000 | 00 | 06 | 06 |
| 5000 to 10000 | 01 | 00 | 01 |
| Above 10000 | 05 | 05 | 10 |
| Unpaid Volunteers | 00 | 00 | 00 |

## Minimum and Maximum salary in Rs.

| Details | Yearly |
|---|---|
| Head of the Organization | 00 |
| Highest paid | 293143 |
| Lowest Paid | 40000 |

| | | |
|---|---|---|
| Full time staff : 10 | Part time staff: 07 | Unpaid volunteers: 00 |

## Name and designation of Executive Committee members on 31st March 2024

| Sr. No. | Name | Age | Sex | Educational Qualifications | Designation | Occupation | Relation between board members (If any) | Meeting Attended |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Dhiraj Vagadia | 65 | M | B.S.W. | Chairmen/ Director | Service | Father of Sr. No. 2 | 3/3 |
| 2 | Hardik Vagadia | 38 | M | M. Com | Secretary | Business | Husband of Sr. No.3 | 3/3 |
| 3 | Trupti Vagadia | 44 | F | M. Com | Treasurer | Service | N/A | 3/3 |
| 4 | Bharat Vala | 38 | M | M.A. | Member | Service | N/A | 3/3 |
| 5 | Rajesh Rathod | 32 | M | M. Com | Member | Service | N/A | 3/3 |

# Project Handled in Past/on-Going

| Sr. No. | Project/Program | Target area | Beneficiary Groups | Duration | Source of Funding |
|---|---|---|---|---|---|
| 1 | Reproductive Child Health | 5 Village | 1500 Children | 2001-2005 | Health Department |
| 2 | Nirmal Jal Sukhakari | Lathi Block | All villagers | 2004-2005 | GSWSB |
| 3 | Sardar Vidhyalay | Damanagar | Std. 1 to 7 | 2000-2012 | Fees &Donation |
| 4 | Vocational Training Course | Amreli | 50 poor women | 2001-2002 | Central Social Welfare Board |
| 5 | Self Help Group (SHG) | 5 Village | Disadvantaged | 2001-2004 | Donation |
| 6 | School AIDS Education | 14 High Schools | 9th Students | 2000-2002 | GAP |
| 7 | Namak Majadur Avas | Chanch Village | 22 Agariya | 2004-2008 | Industries Dept. |
| 8 | Smarak Renovation | Nadala, Sitavav | NA | 2003-2004 | Archeology Dept. |
| 9 | Promotion and credit linkage SHGs | Khambha Block | 100 (SHGs) | On going | NABARD |
| 10 | Resource organization of VVY | Dharampur | 36 (Village) | 2009-2012 | Forest Department |
| 11 | Skill development initiatives | Khambha & Amreli Block | 90 (Trainees) | 2009-2012 | NABARD |
| 12 | Micro Enterprise Development Program | Jafrabad, Dhari, Rajula,Khambha | 120(Trainees) | On going | NABARD |
| 13 | Capacity Building of Gram Sanjivni Samiti | Bardoli Block of Surat District | 75 VHSCs | Completed | Health department and FRHS |
| 14 | Technical support Group for Biodiversity Management Committee and Public Biodiversity Register (BMC/PBR) | Jafrabad block of Amreli district | 10 villages (BMC) 2 Villages (PBR) | Completed | Gujarat biodiversity board |
| 15 | Promotionof Farmers Producer Organisation | Jafarabad Block of Amreli District. | 20 villages | 2015-18 | NABARD |
| 16 | Capacity building of Gram SanjivaniSamiti | Amreli, Khambha & Dhari block of Amreli district | 197 villages | Completed | Health Department |
| 17 | NULM Skill Development Training | Amreli | 45 persons | Completed | NSHM |
| 18 | Simulation Study for Crop Insurance | Gir Somnath | 11 villages | Completed | GIZ |
| 19 | Promotion of Improved Farming Practices in Cotton Crop | Khambha, Babara and Amreli block of Amreli district | 39 villages | 2017-18 to continue ... | Cotton Connect |
| 20 | Gender education | Amreli & Babara | 19 village | 2019.20 to continue ... | Self-generated fund |
| 21 | CLA | Jafarabad, Rajula & Amreli block | 8 villages& 10 Center | 2020 to continue... | Self-Generated fund |
| 22 | REEL project | Dabhoi & Sinor blocks of Vadodara district | 8 villages | 2021 to continue | Cotton Connect |
| 23 | Women Climate Change Leadership Program (Piloting) | Dabhoi block of Vadodara district | 3 villages | 2022 to 2024 | Cotton Connect |

# Receipt & Payment Account for the year Ended 31/3/2024

| Receipts | Amt. Rs. | Payment | Amt. Rs. |
|---|---|---|---|
| Opening Cash/Cheque in hand | 16930.00 | Capital exp. | 72300.00 |
| Opening Bank Account | 1303119.16 | Sundry Debtors | 241647.00 |
| Sundry Debtors | 299734.00 | Advance to others | 136299.00 |
| Loans (Liabilities) | 40000.00 | Deposit (Asset) | 1000000.00 |
| Deposit (Asset) | 1200000.00 | Administrative | 178301.79 |
| Donation | 142122.69 | Expenditure on objects of Trust | 4684549.00 |
| Grant | 4809554.00 | Repairs & Maintenance | 43606.00 |
| Interest | 151198.00 | Closing cash/cheque in hand | 11810.00 |
| Other Income | 255839.00 | Closing bank accounts | 1301156.06 |
| Transfer for Reserve | 363265.11 | Transfer for Reserve | 377579.80 |
| | | Other Earmarked Funds | 522965.31 |
| | | Loans (Liabilities) | 11548.00 |
| Total | 8581761.96 | Total | 8581761.96 |

## Abridge Income & Expenditure

| Expenditure | 2023 | 2024 | Income | 2023 | 2024 |
|---|---|---|---|---|---|
| Administrative Exp. | 228480.82 | 178301.79 | Project Grant | 1960880.00 | 4809554.00 |
| Repairs & Maintenance | 9974.00 | 43606.00 | Interest Income | 137493.00 | 151198.00 |
| Project exp. | 2421515.00 | 4684549.00 | Other Income | 225170.00 | 255839.00 |
| Depreciation | 186369.00 | 143189.00 | Donation | 947778.74 | 142122.69 |
| Transfer fund for next year | 548561.20 | 537280.00 | By transfer from fund | 337230.73 | 522965.31 |
| Excess of income over exp. | 213653.15 | 294753.21 | Deficit carried over to balance | 0.00 | 0.00 |
| **Total** | **3608553.17** | **5881679.00** | **Total** | **3608553.17** | **5881679.00** |

## Abridge Balance Sheet

| Funds & Liabilities | 2023 | 2024 | Assets | 2023 | 2024 |
|---|---|---|---|---|---|
| Trust Fund / Corpus | 990500.00 | 990500.00 | Fix assets | 756741.00 | 685852.00 |
| Secu /Unsecured loans | 0.00 | 102448.00 | Loans Advances | 1208221.00 | 0.00 |
| Current liabilities | 649535.91 | 52574.60 | Current assets | 1356360.13 | 2493797.06 |
| Income & Expenditure | 1945110.25 | 2239863.46 | Sundry debtors | 263824.00 | 205737.00 |
| **Total** | **3585146.16** | **3385386.06** | **Total** | **3585146.13** | **3385386.06** |

**All accounts of organization are constructed on CASH basis.**

## Our Team of 2023 -24 (Ended 31st March, 2024)

| Sr. No. | Name | Gender | Position | Length of Service | Full/ Part time | Voluntary /Paid |
|---|---|---|---|---|---|---|
| 1 | Mehulbhai V. Vaghela | M | Project Coordinator cum agronomist | 7 Year | Full time | Paid |
| 2 | Parthkumar V. Patel | M | Project Coordinator | 2.6 year | Full time | Paid |
| 3 | Neha R. Vasava | F | Field Executives | 0.9 Year | Full time | Paid |
| 4 | Shivani K. Baria | F | Field Executives | 0.9 Year | Full time | Paid |
| 5 | Shailesh K. Rathava | M | Field Executives | 10 Months | Full time | Paid |
| 6 | Bhavesh A. Vadher | M | Field Executives | 0.8 Years | Full time | Paid |
| 7 | Sangita R. Pithiya | F | Field Executives | 0.4 Years | Full time | Paid |
| 8 | Bhavin D. Meghanathi | M | Field Executives | 0.4 Years | Full time | Paid |
| 9 | Devagna H. Parikh | F | Support for Coordination, project Reporting | 2 Years | Full time | Paid |
| 10 | B. J. Vala | M | Documentation Officer | 9 Years | Full time | Paid |
| 11 | Chakuben D. Sankhat | F | Learning Assistant | 4 Years | Full time | Paid |
| 12 | Rekhaben B Vagh | F | Learning Assistant | 4 Years | Full time | Paid |
| 13 | Nensiben J. Gangadiya | F | Learning Assistant | 2.9 Months | Full time | Paid |
| 14 | Pallavi H. Gadhadhara | F | Learning Assistant | 2.6 Years | Full time | Paid |
| 15 | Nirupaben M. Sukhadiya | F | Learning Assistant | 1.10 Years | Full time | Paid |
| 16 | Sumitaben M. Kavad | F | Learning Assistant | 1.8 Months | Full time | Paid |
| 17 | Ronita Ramani | F | Learning Assistant | 2.9 Years | Full time | Paid |



A.B. KOTHIYA & CO.

Second Floor, Girnar Complex, Library Road, Amreli - 365601

SCHEDULE - IX

( See Rule - 17(1))

.INCOME AND EXPENDITURE FOR THE YEAR ENDED 31st March, 2024

**Name of Public Trust** :- Shree Hariraj Charitable Trust, Amreli

**Trust Registered No** :- E/638/Amreli    **Date of Trust Registration** :- 12/01/1993

**Address of the Trust Office** :- 26,Omnagar (3),Behind G.I.D.C. Hanumanpara Road,Amreli-365601.

**Phone No.** :- 02792 299096

**Bank Account No. of Trust For Transaction of Foreign Contribution:-**

F.C.R.A. No. :- 041930023    Date :- 27/03/2019

| EXPENDITURE | Sche | AMOUNT [ IN Rs. ] | AMOUNT [ IN Rs. ] | INCOME | Sche | AMOUNT [ IN Rs. ] | AMOUNT [ IN Rs. ] |
|---|---|---|---|---|---|---|---|
| To Expenditure in Respect of Properties | 6 | | | By Rent (Accured/Realized) | | | |
| (A)Rate ,Taxes,Cesses | | 6723.00 | | Hall Space Rent Income | | | 246285.00 |
| (B)Rapair & Maintanance | | 43606.00 | | | | | |
| (C)Insurance | | 0.00 | | By Interest (Accured/Realized) | 10 | | |
| (D)Other Expense | | 0.00 | 50329.00 | (A)Bank Saving Interest | | 57155.00 | |
| | | | | (B)F.D.Interest | | 94043.00 | |
| To Establishment Expenses | | | | (C)Securities (Bond and Int) | | 0.00 | |
| (A)Remuneration | | | 0.00 | (D)TDS Interest | | 0.00 | 151198.00 |
| (B)Other Expense | | | 0.00 | | | | |
| | | | | By Donation in Cash or Kind | 11 | | |
| To Legal Expenses | | | | (A)Domestic (Local) | | 92878.05 | |
| FCRA Registration Fees | | 5005.90 | | (B)International F.C.R.A.No. & Date | | 49244.64 | 142122.69 |
| Legal Fees | | 3000.00 | 8005.90 | | | | |
| | | | | By Grant Income | 12 | | 4809554.00 |
| To Audit Fees | | | 0.00 | | | | |
| | | | | By Other Income | 13 | | 9554.00 |
| To Contribution Fee | | | 51381.00 | | | | |
| | | | | By Transferred From Reserve | 14 | | 522965.31 |
| To Amounts Written Off | | | | | | | |
| (A) Bad Debts | | | 0.00 | | | | |
| (B) Loan Scholarships | | | 0.00 | | | | |
| (C) Irrecoverable Rents | | | 0.00 | | | | |
| (D) Other Item | | | 0.00 | | | | |
| To Administrative Expenses | 7 | | 112191.89 | | | | |
| To Depreciation | 3 | | 143189.00 | | | | |
| | | | | By Deficit carried over to Balance Sheet | | | 0.00 |
| To Amount Transferred to Reserve of Specific Fund | 8 | | 537280.00 | | | | |
| To Expenditure on Objects of the Trust | 9 | | | | | | |
| (A) Religious | | | 0.00 | | | | |
| (B) Educational (B) | | | 31710.00 | | | | |
| (C) Medical relief | | | 0.00 | | | | |
| (D) Relief of Poverty | | | 0.00 | | | | |
| (E) Other Charitable objects (A+C+D+E) | | | 4652839.00 | | | | |
| To Surplus carried to Balance Sheet | | | 294753.21 | | | | |
| Total Amount Rs. | | | 5881679.00 | Total Amount Rs. | | | 5881679.00 |

As per our report of even date
For, A. B. KOTHIYA & CO.
Chartered Accountant

(Ashok B. Kothiya)
Partner

M. No. 107721

Place : Amreli
Date : 27-09-2024

HARIRAJ CHARITABLE TRUST * AMRELI *

A. B. KOTHIYA & Co. AMRELI CHARTERED ACCOUNTANTS

UDIN :- 24107721BJZXLQ7263

A.B. KOTHIYA & CO.

Second Floor, Girnar Complex, Library Road, Amreli - 365601

SCHEDULE - VIII

(See Rule - 17(1))

BALANCE SHEET AS ON 31st March, 2024

Name of Public Trust :- Shree Hariraj Charitable Trust, Amreli

Trust Registered No :- E/638/Amreli                                        Date of Trust Registration :- 12/01/1993

Address of the Trust Office :- 26,Omnagar (3),Behind G.I.D.C. Hanumanpara Road,Amreli-365601.

Phone No. :- 02792 299096

Bank Account No. of Trust For Transaction of Foreign Contribution:-

F.C.R.A. No. :- 041930023                                        Date :- 27/03/2019

| FUNDS & LIABILITIES | Sche | AMOUNT [ IN Rs. ] | AMOUNT [ IN Rs. ] | PROPERTY & ASSETS | Sche | AMOUNT [ IN Rs. ] | AMOUNT [ IN Rs. ] |
|---|---|---|---|---|---|---|---|
| Trust Funds or Corpus | | | | Immovable Properties | | | 0.00 |
| Corpus Fund A.P.L.Y. | | | 990500.00 | | | | |
| | | | | Investments | | | 0.00 |
| Other Earmarked Funds | 1 | | | | | | |
| A) Depreciation Fund | | | 0.00 | Furniture and Fixtures | 3 | | 685852.00 |
| B) Sinking Fund | | | 0.00 | | | | |
| Reserve Fund | | | 0.00 | Movable Properties | | | 0.00 |
| Any other Fund | | | 0.00 | | | | |
| E) Fund Transfer U/S 11(2) | | | 25595.89 | Current Assets Advance | 4 | | |
| | | | | (A)To Trustee | | | 0.00 |
| Loans (Secured or Unsecured) | 2 | | | (B)To Employees | | | 0.00 |
| (A)From Trustees | | | 0.00 | (C)To Contractor | | | 0.00 |
| (B)From Others | | | 102448.00 | (D)To Lawyers | | | 0.00 |
| | | | | (E)To Others | | | 1386568.00 |
| Liabilities | | | | | | | |
| (A)For Expenses | | | 0.00 | Grant Receivable | | | 0.00 |
| Interest Earned on Foreign Contribution A.P.L.Y. | | | 26978.71 | Income Outstanding | | | |
| (B)For Advance | | | 0.00 | (A)Rent | | | 0.00 |
| (C)For Rent and other Deposite | | | 0.00 | (B)Interest | | | 0.00 |
| (D)For Sundry Creditors Balance | | | 0.00 | (C)Other Income | | | 0.00 |
| Income and Expenditure Account | | | | Cash and Bank Balance | 5 | | 1312966.06 |
| Balance as per Last Year Balance Sheet | | 1945110.25 | | | | | |
| Current Year Loss / Surplus | | 294753.21 | 2239863.46 | | | | |
| [illegible]l Amount Rs. | | | 3385386.06 | Total Amount Rs. 0.00 | | | 3385386.06 |

HARIRAJ CHERITABLE TRUST * AMRELI *

Place : Amreli

Date : 27-09-2024

A. B. KOTHIYA & Co. AMRELI CHARTERED ACCOUNTANTS

As per our report of even date

For, A. B. KOTHIYA & CO.

Chartered Accountant

(Ashok B. Kothiya)

Partner

M. No. 107721

UDIN :- 24107721BJZXLQ7263

HARIRAJ
CHARITABLE TRUST

















HARIRAJ
CHARITABLE TRUST

# વાર્ષિક અહેવાલ

## ૨૦૨૩-૨૦૨૪

### કાર્યક્રમો

- આરોગ્ય અને જાગૃતતા
- શિક્ષણ અને બાળ સંભાળ
- કુદરતી સંશાધનોની જાળવણી

### ટ્રસ્ટીઓ


- ધીરજ વાગડિયા
- કંચન વાગડિયા
- સુરેશ ગોહિલ
- કવિતા કથીરિયા
- હાર્દિક વાગડિયા


### Fundraising Platform

give INDIA

Commitment to Transparency Verified, Valid till Dec 2023 — GuideStarIndia — Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

GREATNONPROFITS 2024 TOP-RATED NONPROFIT


### હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ

26, ઓમનગર-3, GIDC પાછળ,
હનુમાનપરા રોડ, અમરેલી - 365601
(ભારત), ફોન: +૯૧-૬૩૫૬૩૫૨૮૨૮
Email: info@hariraj.org

### ફિલ્ડ ઓફીસ

૧. રીલ કાર્યક્રમ: મંડાળા- ૩૯૧૨૩૦ (વડોદરા)
Email : reel@hariraj.org
૨. જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રો. કંપની લી.,
મોલી રોડ, ટીંબી-૩૬૨૭૩૦, – 362730,
Email: jaapcolimited@gmail.com